RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

E mail - prdpraval@yahoo.co.uk

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 231 * Date: 13.6.2026,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-




### ૩ ભારતીયોના મોત મુદ્દે રાહુલ ગાંધીનો પ્રહાર

# વડાપ્રધાન મોદીમાં હિંમત નથી કે અમેરિકા વિરુદ્ધ એક શબ્દ બોલે





## જ્યારે વિદેશી શક્તિ ભારતીયની હત્યા કરે ત્યારે વડાપ્રધાને જવાબ આપવો પડે છે : જોકે તેમની હિંમત જ નથી કે, તેઓ એક પણ શબ્દ બોલે : રાહુલ ગાંધી

નવી દિલ્હી, તા.૧૨

અમેરિકાની સેનાએ મધ્ય-પૂર્વમાં ઓમાન સમુદ્રકાંઠા પાસે ત્રણ ભારતીય કોમર્શિયલ જહાજો પર હુમલો કરતા ત્રણ ભારતીયોના મોત થયા બાદ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસે ત્રણ ભારતીયોના મોત બદલ દુઃખ વ્યક્ત કર્યું છે. રાહુલે અમેરિકન હુમલાની ટીકા કરી કરવાની સાથે વડાપ્રધાન પર પ્રહાર કરતા કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીમાં હિંમત નથી કે, તેઓ અમેરિકા વિરુદ્ધ એક શબ્દ બોલે.

રાહુલે સોશિયલ મીડિયા એક્સ પર લખ્યું છે કે, 'અમેરિકાએ આંતરરાષ્ટ્રીય જળક્ષેત્રમાં ત્રણ દિવસમાં ત્રણ જહાજો પર હુમલા કર્યા, જેમાં ત્રણ ભારતીયોના મોત થયા છે અને આપણા કોમ્પ્રોમાઈઝ પીએમ? એક શબ્દ બોલતા નથી.'

કોંગ્રેસ સાંસદે વધુમાં કહ્યું કે, 'જ્યારે વિદેશી શક્તિ ભારતીયની હત્યા કરે ત્યારે વડાપ્રધાને જવાબ આપવો પડે છે. જોકે તેમની હિંમત જ નથી કે, તેઓ એક પણ શબ્દ બોલે. આપણા ભારતીય ક્રૂ મેમ્બરોની હત્યાના થોડા દિવસ બાદ, આગામી અઠવાડિયે G7 યોજાવાની છે, જેમાં મોદીજી હસતાં જોવા મળશે, લોકોને ગળે મળશે અને કરારો કરશે. પરંતુ મૃત્યુ પામેલા ત્રણ ભારતીયો માટે તેમની પાસે એક શબ્દ નહીં હોય. કોમ્પ્રોમાઈઝ્ડ PM ભારત માતાના પુત્રોની રક્ષા કરી શકતા નથી, કારણ કે, જે લોકોએ આ પુત્રોના જીવ લીધા, તેમને નારાજ કરવામાં તેમની હિંમત પણ નથી અને તાકાત પણ નથી.' કોંગ્રેસ પાર્ટીએ ગઈકાલે (૧૧ જુલાઈ) ત્રણ ભારતીય ક્રૂ મેમ્બર્સની હત્યા પર દુઃખ વ્યક્ત કર્યું હતું. પાર્ટીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાની જવાબદારીમાંથી છટકી ન શકે. મીડિયા વિભાગના પ્રમુખ પવન ખેડાએ કહ્યું કે, આ મામલે જવાબદારી સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકારે રાજદ્વારી પગલા ભરવા જોઈએ.

ઉલ્લેખનીય છે કે, હોર્મુઝની ખાડીમાં ઈરાન પછી અમેરિકાની દાદાગીરી હદ વટાવી રહી છે. ભારતે જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ દિવસમાં ત્રણ જહાજ પર અમેરિકન નૌકાદળે હુમલો કર્યો હતો. તેમા એક હુમલામાં ત્રણ ભારતીયોના મોત થયા હતા. આ ત્રણેય જહાજ વિદેશી જહાજ હતા. ભારતે આ ઘટનાનો આકરો વિરોધ કર્યો છે અને આ મુદ્દો છેક યુએનમાં ઉઠાવ્યો છે અમેરિકા પાસે પણ આ અંગે જવાબ માંગ્યો છે. ભારતે ભારપૂર્વક જણાવ્યું છે કે આ હુમલા અટકવા જોઈએ. અમેરિકાએ ૧૦ જૂનના રોજ સેટેબિલો જહાજ પર કરેલા હુમલામાં ત્રણ ભારતીય ખલાસીઓએ જીવ ગુમાવ્યા છે. પહેલો હુમલો ૮મી જૂનના રોજ ઓમાનના પૂર્વી કિનારે થયો હતો. અહીં અમેરિકન નૌકાદળે પ્રતિબંધિત ટેક્કર મેરીવેક્સ પર મિસાઈલથી હુમલો કર્યો હતો. આ જહાજ પર ૨૪ ભારતીય ક્રૂ મેમ્બર સવાર હતા. સદનસીબે તેમા કોઈના જીવ ગયા ન હતા. અમેરિકાએ જહાજ પરના હુમલામાં બે હેલફાયર મિસાઈલનો ઉપયોગ કર્યો હોવાની વાત કબૂલી હતી. તેના પગલે પણ સનસનાટી મચી ગઈ છે. અમેરિકા પાસે આ યુદ્ધજહાજને અટકાવવાનો અને કબ્જે લેવાનો વિકલ્પ હતો, પરંતુ અમેરિકાએ તેના બદલે જહાજને ઉડાવી દેવાનું મુનાસિબ માન્યું. શિપિંગ મંત્રાલયના અધિકારી મુકેશ મંગલે જણાવ્યું હતું કે હોર્મુઝમાં ફસાયેલા ૧૩ જહાજ પર હજી પણ ભારતના ૫૬૨ ખલાસી છે. તેમા ૩૨૯ હોર્મુઝ પશ્ચિમમાં અને બાકીના પૂર્વમાં છે. આ સિવાય આ વિસ્તારમાં વિદેશી ઝંડાવાળા જહાજો પર કુલ ૧૮,૦૦૦ ભારતીય ખલાસીઓ છે. હજી પણ ભારતના ૧૩ જહાજ હોર્મુઝમાં ફસાયેલા છે. હાલમાં આ જહાજ નીકળે શકે તેવી કોઈ સંભાવના નથી.

## ખાડી ક્ષેત્રમાં દરિયાઈ સુરક્ષાને લઈને ભારત સરકાર ચિંતિત



નવી દિલ્હી, તા.૧૨

મધ્ય પૂર્વમાં વધતા તણાવ અને વેપારી જહાજો પર સતત હુમલાઓ વચ્ચે ભારત સરકારે એક મોટું અને કડક પગલું ભર્યું છે. હોર્મુઝ સ્ટ્રેટ અને ઓમાનના અખાતની આસપાસ વેપારી નૌકાદળના જહાજોને નિશાન બનાવવાની ઘટનાઓ બાદ ભારતના શિપિંગ ડિરેક્ટોરેટ જનરલે એક નવી અને કડક મેરિટાઈમ સિક્યોરિટી એડવાઈઝરી જાહેર કરી છે.

આ એડવાઈઝરી ભારતીય ધ્વજવાળા જહાજો અને ઈરાની પ્રદેશ, પર્સિયન ગલ્ફ, હોર્મુઝ સ્ટ્રેટ અને નજીકના પાણીમાં કાર્યરત ભારતીય ખલાસીઓ માટે છે. ભારતીય ક્રૂ સાથેના વાણિજ્યિક જહાજો પર તાજેતરમાં થયેલા ત્રણ મોટા હુમલાઓ બાદ ભારત સરકાર અત્યંત ગંભીર અને સતર્ક બની છે. ભારત સરકાર તરફથી આ ઝડપી પ્રતિક્રિયા ઓમાનના દરિયાકાંઠે તાજેતરમાં થયેલા હુમલા પછી આવી છે, જેણે સમગ્ર વિશ્વને આઘાત પહોંચાડ્યો હતો. આ દુઃખદ ઘટનામાં ત્રણ ભારતીય ખલાસીઓ માર્યા ગયા હતા.

## ૩ વર્ષ કોમામાં રહ્યા બાદ થાઈલેન્ડની લોકપ્રિય રાજકુમારીનું નિધન, ૫ પુત્રો હોવા છતાં ઉત્તરાધિકારી મુદ્દે અસમંજસ

**થાઈલેન્ડના રાજપરિવારમાંથી એક અત્યંત દુઃખદ સમાચાર સામે આવ્યા છે. છેલ્લા ત્રણ વર્ષથી વધુ સમયથી કોમામાં જીવન અને મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા થાઈલેન્ડના પ્રિન્સેસ બજકિતીયાભાનું અવસાન થયું છે. થાઈલેન્ડના રોયલ હાઉસહોલ્ડ દ્વારા શુક્રવારે સવારે સત્તાવાર રીતે આ અંગેની જાહેરાત કરવામાં આવી છે. તેઓ ૪૭ વર્ષના હતા. પ્રિન્સેસના નિધનથી સમગ્ર દેશમાં શોકનું મોજું ફરી વળ્યું છે.રાજમહેલ દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે, "તબીબોની ટીમ દ્વારા તેમને શક્ય એટલી શ્રેષ્ઠ અને સઘન સારવાર આપવામાં આવી રહી હતી, પરંતુ તેમની તબિયતમાં સતત બગાડ થતો રહ્યો હતો." ગુરુવારે સ્થાનિક સમય અનુસાર રાત્રે ૧૯:૪૮ કલાકે (બેંગકોકના સમય અનુસાર) બેંગકોકની ચુલાલોંગકોર્ન હોસ્પિટલમાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.**

**પ્રિન્સેસ બજકિતીયાભા ડિસેમ્બર ૨૦૨૨માં પોતાના પાલતુ કૂતરાઓને વોક કરાવી રહ્યા હતા, તે દરમિયાન તેઓ અચાનક બેભાન થઈને ઢળી પડ્યા હતા. તબીબોના જણાવ્યા અનુસાર, તેમના હૃદયમાં માયકોપ્લાઝમા ઈન્ફેક્શનને કારણે હૃદયના ધબકારા અત્યંત અનિયમિત થઈ ગયા હતા, જેના લીધે તેઓ કોમામાં સરી પડ્યા હતા. ત્યારથી તેઓ સતત હોસ્પિટલમાં લાઈફ સપોર્ટ સિસ્ટમ પર હતા.પ્રિન્સેસ બજકિતીયાભા થાઈલેન્ડના રાજા વજિરાલોંગકોર્નના સાત સંતાનોમાં સૌથી મોટા પુત્રી હતા. તેમનો જન્મ ૭ ડિસેમ્બર ૧૯૭૮ના રોજ રાજાના પ્રથમ પત્ની અને તેમના પિતરાઈ બહેન પ્રિન્સેસ સોમસાવાલીના ઘરે થયો હતો**

**તેઓ એક અત્યંત શિક્ષિત અને કુશળ વકીલ હતા. તેમણે અમેરિકાની પ્રતિષ્ઠિત કોર્નલ યુનિવર્સિટીમાંથી કાયદાના વિષયમાં બે પોસ્ટ-ગ્રેજ્યુએટ ડીગ્રી મેળવી હતી. તેમણે ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રમાં થાઈલેન્ડના મિશનમાં પણ થોડો સમય કામ કર્યું હતું.**

## અમેરિકાની કોર્ટનો ટ્રમ્પને છુટ્ટો દોર! અંતિમ ચુકાદા સુધી ટેરિફ વસૂલતા રહેવાની મંજૂરી આપી



અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ટ્રેડ વોર મોરચે એક મોટી કાનૂની સફળતા મળી છે. અમેરિકાની એક ફેડરલ અપીલ કોર્ટે ટ્રમ્પ વહીવટીતંત્રને વિશ્વભરમાંથી આવતી ચીજવસ્તુઓ પર ૧૦% ગ્લોબલ ટૅરિફ વસૂલતા રહેવાની મંજૂરી આપી છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે, 'જ્યાં સુધી આ મામલે કોઈ અંતિમ ચુકાદો ન આવી જાય ત્યાં સુધી સરકાર આ ટેક્સ વસૂલ કરી શકે છે.' કોર્ટના આ નિર્ણયને પગલે ભારત સહિત વિશ્વભરના બજારોમાં હલચલ તેજ થઈ ગઈ છે, કારણ કે તેની સીધી અસર આંતરરાષ્ટ્રીય વ્યાપાર પર પડવાની છે.

વાસ્તવમાં આ સમગ્ર વિવાદ ગત મહિને ત્યારે શરૂ થયો હતો જ્યારે ન્યૂયોર્કની ઈન્ટરનેશનલ ટ્રેડ કોર્ટે ટ્રમ્પના આ ૧૦% ટૅરિફને 'ગેરકાનૂની' ગણાવ્યો હતો. અદાલતનું કહેવું હતું કે, ટ્રમ્પે ટૅરિફ લાદવામાં સંસદ(કોંગ્રેસ)ના અધિકારોનું ઉલ્લંઘન કર્યું છે.પરંતુ હવે વોશિંગ્ટનની 'કોર્ટ ઑફ અપીલ્સ ફોર ધ ફેડરલ સર્કિટ'એ તેના પર સ્ટે લગાવી દીધો છે. અદાલતે કહ્યું કે, 'પ્રાથમિક દૃષ્ટિએ પ્રમુખ ટ્રમ્પ વહીવટીતંત્રનો પક્ષ મજબૂત લાગી રહ્યો છે, તેથી આ મામલાની સંપૂર્ણ સુનાવણી અને અંતિમ ચુકાદો ન આવે ત્યાં સુધી ટૅરિફની વસૂલાત ચાલુ રહેશે. ડોનાલ્ડ ટ્રમ્પે આ ૧૦%નો વૈશ્વિક ટૅરિફ આ જ વર્ષે ફેબ્રુઆરીમાં ટ્રેડ ઍક્ટ ૧૯૭૪ની કલમ ૧૨૨ હેઠળ લગાવ્યો હતો. આ નિર્ણય ત્યારે આવ્યો હતો જ્યારે અમેરિકાની સુપ્રીમ કોર્ટે ટ્રમ્પના જૂના અને વધુ પડતા ભારે ટૅરિફ પ્લાનને ફગાવી દીધો હતો.

કલમ ૧૨૨ હેઠળ અમેરિકન પ્રમુખને આ અધિકાર મળે છે કે તેઓ દેશની આંતરરાષ્ટ્રીય ચૂકવણીની કટોકટી (પેમેન્ટ ક્રાઈસિસ) અથવા વધી રહેલી વ્યાપારી ખાધને સરભર કરવા માટે ૧૫૦ દિવસ માટે ૧૫% સુધીનો ટેક્સ લાદી શકે છે. ટ્રમ્પનો આ વર્તમાન ૧૦% ટેક્સ ૨૪ જુલાઈ સુધી લાગુ રહેશે, અને તેને આગળ વધારવા માટે સંસદ(કોંગ્રેસ)ની મંજૂરી મેળવવી જરૂરી રહેશે.

## તંત્રી સ્થાનેથી..

### ફિફા વર્લ્ડ કપ દરમિયાન શેરબજારમાં પોઝિટિવ રિટર્ન

અમદાવાદ : ભારતીય શેરબજારે સામાન્ય રીતે ફિફા વર્લ્ડ કપના વર્ષો દરમિયાન મજબૂત પ્રદર્શન કર્યું છે. છેલ્લા ત્રણ દાયકાના ડેટા દર્શાવે છે કે વિશ્વ કપ યોજાયા હોય તેવા મોટાભાગના વર્ષોમાં બીએસઈ સેન્સેક્સે રોકાણકારોને સકારાત્મક વળતર આપ્યું છે. જે પૈકી ૨૦૦૬માં સૌથી વધુ વળતર આપ્યું હતું.ફિફા વર્લ્ડ કપના વર્ષોમાં સેન્સેક્સનું વળતર ૩.૫% થી ૪૬.૭% સુધીનું રહ્યું છે. જાપાન અને દક્ષિણ કોરિયા દ્વારા સંયુક્ત રીતે આયોજિત ૨૦૦૨ની ટુર્નામેન્ટ દરમિયાન, સેન્સેક્સમાં આશરે ૩.૫% નો વધારો નોંધાયો હતો. જર્મનીમાં ૨૦૦૬ના ફિફા વર્લ્ડ કપ દરમિયાન, ભારતીય બજારે સૌથી મજબૂત પ્રદર્શન કર્યું હતું, જેમાં સેન્સેક્સમાં આશરે ૪૬.૭%નો વધારો થયો હતો.

જોકે, આ વલણનો મુખ્ય અપવાદ ૧૯૯૮ હતો, જ્યારે સેન્સેક્સમાં આશરે ૧૬.૫%નો ઘટાડો થયો હતો. તે સમયે ઘણી સ્થાનિક અને વૈશ્વિક ઘટનાઓથી બજાર પ્રભાવિત થયું હતું.મે ૧૯૯૮માં ભારતના પોખરણ પરમાણુ પરીક્ષણો બાદ, યુનાઈટેડ સ્ટેટ્સ અને જાપાન સહિત ઘણા દેશોએ આર્થિક અને વેપાર પ્રતિબંધો લાદ્યા હતા. આ ઘટનાઓએ રોકાણકારોના માનસને અસર કરી હતી અને બજાર પર દબાણ આવ્યું હતું. આ પ્રતિબંધો પછીથી હટાવી લેવામાં આવ્યા હતા, પરંતુ તે વર્ષ બજાર પર તેની અસર સ્પષ્ટપણે દેખાઈ હતી.૧૯૯૮નું વર્ષ ભારતીય રાજકારણ માટે પણ મહત્વપૂર્ણ હતું. સામાન્ય ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટી સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવી હતી, અને અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં ગઠબંધન સરકાર રચાઈ હતી. રાજકીય અને આર્થિક વિકાસ વચ્ચે, તે વર્ષે શેરબજારનું પ્રદર્શન નબળું રહ્યું હતું.૨૦૨૬માં અત્યાર સુધી ભારતીય શેરબજારનું પ્રદર્શન ૧૯૯૮ની યાદ અપાવે છે.

# દેશભરના NDA નેતાઓએ શ્રી નરેન્દ્ર મોદીને ભારતના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા વડા પ્રધાન બનવા બદલ અભિનંદન પાઠવ્યા






નવી દિલ્હી,

ભાજપની આગેવાની હેઠળના ગઠબંધનના ૧૨ વર્ષ પૂર્ણ થવા પર, વડા પ્રધાન નરેન્દ્ર મોદી ભારત મંડપમ ખાતે રાષ્ટ્રીય લોકશાહી જોડાણ ના નેતાઓના સંમેલનને સંબોધિત કરવાના છે. આ બેઠકમાં દ્વ્ક્ષ્છ શાસિત તમામ ૨૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યમંત્રીઓ, નાયબ મુખ્યમંત્રીઓ અને વરિષ્ઠ નેતાઓ શાસન અને ગઠબંધનના ભાવિ રોડમેપ પર ચર્ચા કરવા માટે ભેગા થશે.

આ કાર્યક્રમ ત્યારે યોજાયો છે જ્યારે મોદી ભારતના સૌથી લાંબા સમય સુધી સતત સેવા આપતા ચૂંટાયેલા વડા પ્રધાન બન્યા છે, જે જવાહરલાલ નેહરુના અગાઉના રેકોર્ડને તોડી નાખે છે.

આજે શરૂઆતમાં, કેન્દ્રીય મંત્રીમંડળે વડા પ્રધાન મોદીના ×વિકસિત ભારત× ના વિઝનને સમર્થન આપતો ઠરાવ પસાર કર્યો હતો અને રાષ્ટ્રીય સુરક્ષા, સમાવેશી વિકાસ અને સામાજિક ન્યાય પર તેમના નેતૃત્વની પ્રશંસા કરી હતી, કારણ કે તેઓ ભારતના સૌથી લાંબા સમય સુધી સતત સેવા આપતા ચૂંટાયેલા વડા પ્રધાન બન્યા હતા.

મોદીની અધ્યક્ષતામાં મળેલી મંત્રીમંડળની બેઠકમાં અપનાવવામાં આવેલા ઠરાવમાં ચૂંટાયેલા વડા પ્રધાન તરીકે જવાહરલાલ નેહરુના ૪,૩૯૮ દિવસના રેકોર્ડને પાર કરવા બદલ તેમને અભિનંદન આપવામાં આવ્યા હતા, અને વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો કે તેમના નેતૃત્વ હેઠળ, ભારત ×આત્મનિર્ભર, સુરક્ષિત અને સમૃદ્ધ રાષ્ટ્ર તરીકે નવી ઊંચાઈઓ સર કરશે×.

મોદીના કાર્યકાળના ૪,૩૯૯ દિવસ પૂર્ણ થતાં કેબિનેટ મંત્રીઓએ ઉભા થઈને તાળીઓ પાડીને તેમનું સ્વાગત કર્યું. પીએમ મોદીએ રાષ્ટ્રપતિ મુર્મુનો ઉષ્માભર્યા અભિવાદન બદલ આભાર માન્યો. ×રાષ્ટ્રપતિ જી, તમારી ઉષ્માભરી શુભેચ્છાઓ અને દયાળુ શબ્દો માટે હું તમારો આભારી છું. વર્ષોથી જે કંઈ પણ પ્રાપ્ત થયું છે તે ભારતના લોકોના સામૂહિક પ્રયાસો અને આકાંક્ષાઓનું પરિણામ છે. ૧૪૦ કરોડ ભારતીયોનો સ્નેહ અને આશીર્વાદ મારી સૌથી મોટી શક્તિ અને પ્રેરણા છે. મને ખાસ આનંદ છે કે તમે પીએમ-જનમાનસ અને ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાનનો ઉલ્લેખ કર્યો છે. અમારી સરકાર અંત્યોદયની સાચી ભાવનામાં વિકાસના લાભો સમાજના દરેક વર્ગ સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે.×

NDA કોક્લેવમાં ભાગ લેનાર પક્ષો

તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી), જનતા દળ યુનાઈટેડ (જેડીયુ), ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ (એઆઈએડીએમકે), શિવસેના (એસએચએસ), નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (એનસીપી), લોક જનશક્તિ પાર્ટી-રામ વિલાસ (એલજેપી-આરવી), નેશનલ પીપલ્સ પાર્ટી (એનપીપી), ઓલ ઝારખંડ સ્ટુડન્ટ્સ યુનિયન (એજેએસયુ), અપનાદલ (એજીપી), પરમાણુ દળ (અમદાવાદ) જનસેના પાર્ટી (JSP), જનતા દળ સેક્યુલર (JDS), નાગા પીપલ્સ ફ્રન્ટ , સિક્કિમ ક્રાંતિકારી મોરચા , ટીપ્રા મોથા પાર્ટી , બોડોલેન્ડ પીપલ્સ ફ્રન્ટ (BPF), પટ્ટલી મક્કલ કાચી , ભારત ધર્મ જનસેના , હિંદુવાદી પાટી , મોરચા અને હિન્દુવાદી પાર્ટી. દળ , રાષ્ટ્રીય લોક મોરચા , રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા-આઠાવલે , અને સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટી આ બેઠકમાં ભાગ લઈ રહી છે.

# મેક ઇન ઇન્ડિયા માટે સીમાચિહ્નરૂપઃ સ્વદેશી એરબસ C-295 એ વડોદરામાં તેની પ્રથમ ઉડાન ભરી

વડોદરા,

દેશમાં એસેમ્બલ થયેલા પ્રથમ ઝ૨૯૫ લશ્કરી પરિવહન વિમાને તેની પ્રથમ પરીક્ષણ ઉડાન સફળતાપૂર્વક પૂર્ણ કરીને ભારત તેની સંરક્ષણ ઉત્પાદન યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન પર પહોંચ્યું છે. વિમાને વડોદરામાં ફાઇનલ એસેમ્બલી લાઇન સુવિધાથી ઉડાન ભરી હતી, જે ‘મેક ઇન ઇન્ડિયા‘ પહેલ હેઠળ કાર્યક્રમની પ્રગતિમાં એક મહત્વપૂર્ણ પગલું છે.

આ વિકાસ મહત્વપૂર્ણ છે કારણ કે ખાનગી ક્ષેત્રના સહયોગ દ્વારા ભારતમાં પહેલી વાર લશ્કરી પરિવહન વિમાનનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટ ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ દ્વારા એરબસ ડિફેન્સ અને સ્પેસ સાથે ભાગીદારીમાં અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. સફળ ઉડાન કાર્યક્રમને આ વર્ષના અંતમાં ભારતીય વાયુસેનાને પ્રથમ ભારતમાં બનાવેલ ઝ૨૯૫ વિમાન પહોંચાડવાની નજીક લાવે છે.

વડોદરામાં ફાઇનલ એસેમ્બલી લાઇનનું ઉદ્ઘાટન ઓક્ટોબર ૨૦૨૪ માં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને સ્પેનિશ વડા પ્રધાન પેડ્રો સાંચેઝ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં પ્રોજેક્ટ પાછળના વ્યૂહાત્મક સહયોગ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ વિમાન ભારતમાં ૫૬ ઝ૨૯૫ વિમાનોના ઉત્પાદન માટે ૨૧,૦૦૦ કરોડ રૂપિયાના કાર્યક્રમનો એક ભાગ છે. આ કાફલો ૧૯૬૦ ના દાયકાથી સેવામાં રહેલા જૂના એવરો-૭૪૮ વિમાનોને બદલવા માટે તૈયાર છે, જે પરિવહન અને દેખરેખ ભૂમિકાઓ માટે સુધારેલી રેન્જ, પેલોડ ક્ષમતા અને આધુનિક ઓપરેશનલ સિસ્ટમ્સ પ્રદાન કરે છે.

આ વિમાન કાર્યક્રમ મજબૂત સ્થાનિક ભાગીદારીને પણ પ્રતિબિંબિત કરે છે, જેમાં ૮૫ ટકાથી વધુ સ્થાનિક એસેમ્બલી અને લગભગ ૩૭ ભારતીય સપ્લાયર્સનું યોગદાન છે. આ તેને ભારતના વધતા જતા એરોસ્પેસ ઉત્પાદન ઈકોસિસ્ટમ માટે એક સીમાચિહ્નરૂપ પ્રોજેક્ટ બનાવે છે અને આત્મનિર્ભર ભારત હેઠળ સ્વ-નિર્ભરતાના વ્યાપક ધ્યેયને સમર્થન આપે છે. ભારતીય વાયુસેના દ્વારા આ સિદ્ધિનું સ્વાગત કરવામાં આવ્યું છે, જેણે સફળ પ્રથમ ઉડાનમાં સામેલ તમામ ટીમોને અભિનંદન આપ્યા છે. દળે કહ્યું કે આ વિકાસ ભારતની સ્વદેશી સંરક્ષણ ક્ષમતાને મજબૂત બનાવે છે અને તેની લાંબા ગાળાની કામગીરીની જરૂરિયાતોને ટેકો આપે છે.

C295 એક બહુમુખી વ્યૂહાત્મક પરિવહન વિમાન છે જે બહુવિધ લશ્કરી ભૂમિકાઓ માટે રચાયેલ છે. એરબસ ડિફેન્સ અને સ્પેસ દ્વારા વિકસિત, તેનો ઉપયોગ વિશ્વભરના સશસ્ત્ર દળો દ્વારા વ્યાપકપણે થાય છે.

તે સૈન્ય પરિવહન, કાર્ગો ડિલિવરી, તબીબી સ્થળાંતર, દેખરેખ અને માનવતાવાદી સહાય સહિત વિવિધ મિશન હાથ ધરવા સક્ષમ છે. તેની અનુકૂલનક્ષમતા અને વિશ્વસનીયતા તેને નિયમિત અને પડકારજનક ઓપરેશનલ વાતાવરણ બંને માટે યોગ્ય બનાવે છે. ભારતમાં તેનું ઉત્પાદન હાલમાં ચાલી રહ્યું હોવાથી, એરક્રાફ્ટ પ્રોગ્રામ ભારતીય વાયુસેનાની ઓપરેશનલ તાકાતમાં વધારો કરતી વખતે સ્થાનિક સંરક્ષણ ઉત્પાદનને નોંધપાત્ર રીતે વેગ આપશે તેવી અપેક્ષા છે.





# ટીએમસીના પ્રકાશ ચિક બારૈકે રાજ્યસભા સાંસદ પદેથી રાજીનામું આપ્યું

નવી દિલ્હી,

મમતા બેનર્જીને મળેલા ઝટકાઓની શ્રેણીના છેલ્લા એપિસોડમાં, તૃણમૂલ કોંગ્રેસના પ્રકાશ ચિક બરૈકે ગુરુવારે રાજ્યસભા સાંસદ પદેથી રાજીનામું આપ્યું, જે સુખેન્દુ શેખર રોય અને સુષ્મિતા દેવ પછી પાર્ટી સાંસદો તરફથી આ પ્રકારનું ત્રીજું રાજીનામું છે. રાજ્યસભાના અધ્યક્ષ સી.પી. રાધાકૃષ્ણન દ્વારા બરૈકનું રાજીનામું સ્વીકારવામાં આવ્યું.

×આદરણીય સાહેબ, હું રાજ્યસભાના સભ્યપદથી રાજીનામું આપું છું, જે તાત્કાલિક અસરથી સ્વીકારવામાં આવે. રાજ્યસભાના સભ્ય તરીકેના મારા કાર્યકાળ દરમિયાન તમામ મદદ અને સહકાર આપવા બદલ હું તમારા મહામહિમ, માનનીય ઉપાધ્યક્ષ અને રાજ્યસભા સચિવાલયના તમામ પદાધિકારીઓનો હૃદયપૂર્વક આભાર માનું છું,× તેમણે રાજીનામા પત્રમાં લખ્યું.

પત્રકારો સાથે વાત કરતા, બરૈકે કહ્યું, ×પશ્ચિમ બંગાળના લોકો દ્વારા આપવામાં આવેલા અભિપ્રાયને સ્વીકારીને, મેં આજે મારું રાજીનામું પણ સુપરત કરી દીધું છે.× શું તેઓ ભાજપમાં જોડાશે કે કેમ તે પ્રશ્ન પૂછવા પર, તેમણે કહ્યું, ×સમય કહેશે.× પ્રકાશ ચિક બરૈક કોણ છે પ્રકાશ ચિક બરૈક પશ્ચિમ બંગાળના એક અગ્રણી આદિવાસી નેતા અને રાજકારણી છે. તેઓ સિલિગુડી ક્ષેત્ર સાથે સંકળાયેલા છે અને રાજ્યના ઉત્તર ભાગમાં આવેલા અલીપુરદુઆર જિલ્લાના વતની છે. તેઓ ઓગસ્ટ ૨૦૨૩ માં પશ્ચિમ બંગાળથી રાજ્યસભામાં બિનહરીફ ચૂંટાયા હતા. રાજ્યમાંથી સંસદના ઉપલા ગૃહમાં ચૂંટાયેલા તેમના સમુદાયના પ્રથમ આદિવાસી નેતાઓમાંના એક તરીકે બૈરૈકની ગણતરી થાય છે.

ટીએમસીએ તેમને અલીપુરદુઆર માટે જિલ્લા પ્રમુખ તરીકે પણ નિયુક્ત કર્યા હતા. સંસદમાં તેમના કાર્યકાળ દરમિયાન, તેમણે ચાના બગીચાના કામદારો, ખાસ કરીને તેમના અધિકારો, પ્રોવિડન્ટ ફંડ (પીએફ) લાભો અને સામાજિક કલ્યાણ યોજનાઓની પહોંચ સંબંધિત મુદ્દાઓ સતત ઉઠાવ્યા હતા.

૨૦૨૧ માં તૃણમૂલ કોંગ્રેસમાં જોડાયેલા ભૂતપૂર્વ કોંગ્રેસ નેતા સુષ્મિતા દેવે પાર્ટી છોડી દીધી તેના એક દિવસ પછી જ બારૈકનું રાજીનામું આવ્યું છે.

આ અઠવાડિયાની શરૂઆતમાં, સુખેન્દુ શેખર રેએ પણ પાર્ટી અને રાજ્યસભા બંનેમાંથી રાજીનામું આપ્યું હતું, જેનાથી ટીએમસીની અંદર ખળભળાટ મચી ગયો હતો.

પશ્ચિમ બંગાળમાં ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસના વિધાનસભા વિભાગમાં અભૂતપૂર્વ બળવો થયો હોવાના અહેવાલો વચ્ચે આ ઘટનાક્રમ સામે આવ્યો છે. પાર્ટીના ૫૮ જેટલા ધારાસભ્યોએ નેતૃત્વનો વિરોધ કર્યો હતો અને વિપક્ષના નેતા પદ માટે ઋતબ્રત બેનર્જીને ટેકો આપ્યો હતો, અને પાર્ટીના સત્તાવાર ઉમેદવાર શોવનદેવ ચટ્ટોપાધ્યાયને નકારી કાઢ્યા હતા. આ બળવો તાજેતરના વર્ષોમાં મમતા બેનર્જીના નેતૃત્વ હેઠળના પક્ષ દ્વારા સામનો કરવામાં આવેલા સૌથી મહત્વપૂર્ણ આંતરિક પડકારોમાંનો એક છે.

# વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃતવ હેઠળ કેન્દ્ર સરકારના ૧ ર વર્ષ પૂર્ણ થયાના અવસરે ભાજપાનું વિશેષ સંપર્ક અભિયાન








ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃતવ હેઠળ કેન્દ્ર સરકારના ૧ ર વર્ષ પૂર્ણ થયાના અવસરે ભાજપાના વિશેષ સંપર્ક અભિયાન અન્વયે આજે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ આજે ગાંધીનગર ખાતે જાણીતા શિક્ષણવિદ અને સામાજિક અગ્રણી શ્રી અનિલભાઈ પટેલ તેમજ સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા કાર્યકર્તા શ્રીમતી પારૂલબેન મહેતા સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન શ્રી વિશ્વકર્માએ મોદી સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ, ઐતિહાસિક સિદ્ધિઓ અને રાષ્ટ્રનિર્માણના કાર્યો વિશે શ્રી વિશ્વકર્માએ સંવાદ કર્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર મહાનગર ભાજપા અધ્યક્ષ ડૉ. આશિષકુમાર દવે, પ્રભારીશ્રી નીરવભાઈ અમીન સહિત ભાજપા આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ

NOG(981)2026




**: NOG. SS No: 194**
વિષય : જીવનની દશા અને દિશા
શીર્ષક : જીવનની દશા અને દિશા
પ્રકાર : ગદ્ય, શબ્દ :૩૪૭

મનુષ્ય અવતાર મળવો એ કર્મને આધીન છે. વર્ષોના સંચિત સત્કર્મની ફલશ્રુતિ છે. ગરીબ જન્મવું એ ગુનો નથી પણ,ગરીબ મૃત્યુ પામવું એ અવશ્ય ગુનો છે.જન્મ બાદ વ્યકિતને યોગ્ય દિશા મળતા એ સાધનસંપન્ન,સારસ્વત, પ્રતિષ્ઠિત અને સમૃદ્ધ બને છે.

બાળક જન્મ બાદ આપવામાં આવતા સંસ્કારોથી, જીવનઉપયોગી જ્ઞાનથી, સામાજિક મૂલ્યો થકી ઘડાય છે.જે એને જીવન જીવવાની એકદિશાઆપેછે.માતાપિતા,પરિવારજનો,ગુરુ,મિત્ર કોઈ.. પણ એનું પથદર્શક બનતું હોય છે. ઉત્તમ વાંચનથી, ચલચિત્રોના માધ્યમથી.. સમાજની સારી ખોટી બાબતો વિશે એ પરિચિત થાય છે. હકારાત્મક અભિગમ, સત્કર્મો કરવા અને કોઈક માટે સારું કરવાની ભાવનાની સમજણ એના જીવનને ઉમદા બનાવે છે.સફળતા અને નિષ્ફળતા બંને પચાવતા એને શીખવાડવું પડે છે. તોજ એ ભવિષ્યમાં ઉત્તમ વ્યક્તિ તરીકે ઉભરી આવે છે. સમસ્યાતો જીવનનો એક ભાગ છે. એવા સમયે નાસીપાસ થઈ ખોટા નિર્ણયો લેનાર વ્યક્તિની અધોગતિ થતી હોય છે. જ્યારે સમજણપૂર્વક કસોટીની ક્ષણોમાં પણ સ્થિર બની સમયને સમજી જીવનાર વ્યક્તિ પ્રગતિની દિશા તરફ વધે છે.

ખોટી વાહવાહ કે અણહકનો પૈસો એકાંતમાં ખૂંચતો હોય છે. અંતરમન શુદ્ધ હોય, સંતોષની અનુભૂતિ હોય, કર્મ કર્યું,જે જવાબદારીઓમાંથી પાર ઉતર્યા એની સંતુષ્ટી હોય તો એનું જીવન યોગ્ય દિશા તરફ આગળ વધ્યું એવું કહી શકાય.

વ્યક્તિ જે પરિસ્થિતિમાં ઉછર્યો એના કરતા બહેતર પરિસ્થિતિમાં એ ક્ર્મશ આગળ વધ્યો,તો એણે સાચી દિશા પકડી એમ કહી શકાય. સોશિયલ મીડિયાના માધ્યમ થકી આજે ઘણું બધું નાની વયે જાણી કે સમજી લેવાતું હોય છે. લપસવાના વિવિધ માર્ગો છે. એવા સમયે વ્યક્તિ પોતે કેવી રીતે વર્તે છે! એ એના જીવનની દિશા નક્કી કરે છે. મહત્વકાંક્ષાઓને પોષવામાં ચારિત્ર કે જીવનની પાયાની બાબતો ગુમાવી ન પડે એની કાળજી રાખવી જરૂરી છે.

જીવનની દશા અને દિશા બદલાતા વ્યક્તિનું વલણ કે વર્તનમાં પણ ફેરફાર ન થવો જોઈએ. તો એણે જે જીવનમાં પ્રાપ્ત કર્યું છે એનું મહત્વ ઈશ્વરના ચોપડે સાચી રીતે લખાય છે.વ્યસન કે વ્યભિચાર વ્યક્તિના પતનનું કારણ બને છે. વ્યક્તિનું અંતરમન જે કહે એ માર્ગે એ આગળ વધે તો એની દિશા સચોટ હોય છે. એના માટે પ્રભુકૃપા,પરિવારનો પ્રેમ, સદબુદ્ધિ અને સત્સંગપૂર્ણ સદાચરણ એની સાચી અને સુનિશ્ચિત દિશા સંપન્ન કરે છે.એના જીવનને સુખી બનાવે છે. અંત સમયે એને સારું જીવ્યાનો સંતોષ હોય છે.

મારી બે સ્વરચીત પંક્તિઓથી લેખનું સમાપન કરીશ.

" વ્યક્તિ જન્મે કોઈ પણ દશામાં
સમજદારીથી જીવે તો.. એ વધે યોગ્ય દિશામાં."

નામ: ખ્યાતિ જીગર દેસાઈ. ( અમદાવાદ)

★★★★★★

**NOG SS NO 184**
વિષય :-જીવનની દશા અને દિશા
શીર્ષક :-સંકલ્પનો સૂર્યોદય
પ્રકાર :-પધ - શબ્દ :-૯૯

ભલે હોય પ્રતિકૂળ દશા આજે, તું હિંમત ન હાર;
બદલશે નસીબ, સાચી દિશાનો સદ્ધર વિચાર.

દુનિયાના વંટોળે મનનો દીવો પ્રજ્વલિત રાખ,
કંટક રસ્તે તું સપનાઓની ઊંચી ઉડાન રાખ.

આ પીડા માત્ર વળાંક, ખરી મંઝિલ હજી બાકી;
ખોટી દિશાના હીરા મૂક, સાચી દિશાની રાખ પાકી.

ભૂલોમાંથી શીખી જેણે દિશા જરીક સુધારી છે,
એણે જ જિંદગીની હારેલી બાજી કેવી જીતી છે!

મોજાંઓ તો અથડાવાના સમયના દરિયામાં,
સાચા સુકાનથી નાવ કિનારે પહોંચે પળવારમાં.

દશા ભલે નબળી, દિશા જો સંપૂર્ણ મક્કમ હશે;
કિસ્મત પણ નમશે, દરેક માર્ગ સર્વોત્તમ હશે.

સમયના વહેણમાં ભીતરનો અવાજ સાંભળી જો,
દશા બદલાઈ જશે, ‘હર્ષ’થી તારી દિશા બદલી જો.

હસમુખ બી. પટેલ ‘હર્ષ’-‘પરખ’
નારદીપુર-અમદાવાદ

★★★★★★

**NOG SS NO 224**
વિષય :-જીવનની દશા અને દિશા
શીર્ષક :-દિશા બદલાય તો દશા ખીલે
પ્રકાર :-પદ્ય - શબ્દ :-૬૪

જીવનની દશા તો દિશાથી ઘડાય,
સાચા પગલાંથી મંઝિલો મેળવાય.

આંધીઓ આવે તો પણ ન ડગવું,
હિંમતના દીવાથી અંધારું ભગાડવું.

સપનાઓને પાંખો શ્રમથી જ મળે,
મહેનતના મોતીથી ભાગ્ય ખીલે.

વંટોળ વચ્ચે પણ વિશ્વાસ રાખવો,
પોતાના અંતરમાં પ્રકાશ જગાવવો.

ભૂલોમાંથી શીખી આગળ વધવું,
સમયના પાઠોને હૈયે કંડારવા.

સેવા, સદાચાર ને સ્નેહ અપનાવો,
જીવનપંથને સુગંધિત બનાવો.

દિશા જો ઉજ્જવળ, વિચાર જો સારા,
‘પ્રીતાર્ષ’, દશાના ચોતરફ વરસે ફુવારા.

પ્રીતિ શાહ પટેલ ’પ્રીતાર્ષ’
અમદાવાદ

★★★★★★

**NOG SS 321**
વિષય. જીવનની દશા અને દિશા
શીર્ષક. આચાર વિચાર
પ્રકાર .ગદ્ય. શબ્દ. ૨૧૦

જીવનની દશા અને દિશા

જીવનની દશા અને દિશા માણસના આચાર, વિચાર, સંસ્કાર અને વર્તન પરથી નક્કી થાય છે. કારણ કે આ ચારેય બાબતો જ વ્યક્તિના વ્યક્તિત્વનો પાયો રચે છે. મનુષ્ય જેવું વિચારે છે, જેવું આચરણ કરે છે અને જે સંસ્કારોને જીવનમાં ઉતારે છે, તે જ તેને કોઈ ચોક્કસ દિશા તરફ લઈ જાય છે.

આ દિશા આધ્યાત્મિક હોઈ શકે, વ્યવહારિક હોઈ શકે, સાંસારિક હોઈ શકે કે પછી ગુનાહ અને અધર્મ તરફ દોરી જતી પણ હોઈ શકે. દિશા ભલે જુદી જુદી હોય, પરંતુ દરેક દિશાનું અંતિમ પરિણામ વ્યક્તિની દશા પર જ દેખાય છે.

સાચા વિચારો, સદાચાર અને ઉત્તમ સંસ્કારો વ્યક્તિને ઉન્નતિ, શાંતિ અને સન્માન તરફ લઈ જાય છે, જ્યારે ખોટા વિચારો, દુર્વ્યવહાર અને કુસંસ્કારો તેને પતન, અશાંતિ અને દુઃખ તરફ ધકેલી દે છે. તેથી જીવનમાં દિશાની પસંદગી ખૂબ મહત્વની છે.

ઘણીવાર લોકો પોતાની દશા બદલવા માંગે છે, પરંતુ દશા બદલવા માટે પહેલાં દિશા બદલવી પડે છે. જ્યારે વિચાર બદલાય છે, ત્યારે વર્તન બદલાય છે; વર્તન બદલાય છે, ત્યારે આદતો બદલાય છે; અને આદતો બદલાય છે, ત્યારે આખું જીવન બદલાઈ જાય છે.

એટલે જ કહેવાય છે કે "દિશા યોગ્ય હશે તો દશા આપમેળે સુધરશે." જીવનને સુખમય, સફળ અને સાર્થક બનાવવું હોય તો આચાર, વિચાર, સંસ્કાર અને વર્તનને સદાય શુદ્ધ અને સકારાત્મક રાખવા જોઈએ, કારણ કે એ જ આપણા ભવિષ્યના સાચા ઘડવૈયા છે.

??? સુચિતા રાવલ "સૂચિ"
ગાંધીનગર

★★★★★★

**N. O. G. S. S. No. 0102.**
વિષય:-જીવનની દશા અને દિશા.
પ્રકાર:- ગદ્ય. શબ્દો:-૨૧૫.

માનવ જીવનમાં દશા અને દિશા આ ખૂબ જ અગત્યના પરિબળો છે. માનવી પોતાની કેવા પ્રકારની દશા ઈચ્છે છે, તે માટે તેણે જાગૃત થઈ અને પોતાનું જીવન કેવી રીતે ગોઠવવું તે હંમેશા જરૂરી હોય છે. તમે જીવનમાં શું બનવા માંગો છો? તે નક્કી કરી તે પ્રમાણે આગળ વધતા જાવ અને ધીરે ધીરે તમે કઈ બાજુ જવા માગો છો તે દિશા નક્કી કરી લો અને તે તરફ તમારા તમામ પ્રયત્નો લગાડી દો તો આ બંનેના સાથ સહકારથી માનવ પોતાનું જીવન ઉત્તમ બનાવી શકે છે.

માનવ જીવન ધારણ કર્યા પછી આપણું જીવન સુંદર રીતે વીતે તે માટે તેનું આયોજન કરતા હોઈએ છીએ. શું શિક્ષણ લેવું, કઈ ડિગ્રી પ્રાપ્ત કરવી, કઈ નોકરી કરવી, તેનાથી પૈસા, સુખ ,શાંતિ વગેરે પ્રાપ્ત થશે, વગેરેની માહિતી એકઠી કરી અને માનવી એ દિશામાં જવા પ્રયત્ન કરે છે.

વ્યક્તિ પોતાનું જીવન કઈ દિશામાં ચલાવવા માંગે છે,સંસારિકજીવન ,નોકરી, ધંધો વિગેરે માટેની પસંદગી વ્યક્તિ પોતાની રીતે કરતા હોય છે અને તે દિશામાં પોતાના પ્રયત્નો કરે છે.

આવું બધું હોવા છતાં પણ માનવીના જીવનમાં પોતાના કર્મો અને પૂર્વ જન્મના જે પુણ્ય હોય તે જ તેને સાથ સહકાર આપે છે. માનવ જન્મતાની સાથે જ વિધાતા એ તેના લેખો લખેલા હોય છે. તે પ્રમાણે થાય છે. માણસે તે માટે પ્રયત્ન કરવા પડે છે, અંતે કુદરત જેમ નક્કી કરે છે તે રીતે જ માનવનું જીવન વ્યતીત થતું હોય છે.

રતીલાલ વાયડા (રોડપાલી,
આભાર - નિહારીકા રવિયા નવી મુંબઈ.)

★★★★★★

**NOGSS :168**
વિષય: જીવનની દશા અને દિશા
શિર્ષક: ભાગ્યના વિધાતા
પ્રકાર : ગદ્ય શબ્દ: ૩૩૮

ભાગ્યના વિધાતા’ એટલે કે તમારા નસીબના રચયિતા સ્વયં તમે છો. કર્મ, સકારાત્મક વિચારસરણી અને અથાક પ્રયાસો દ્વારા તમે તમારું પોતાનું ભાગ્ય બદલી શકો છો.

દિશાની પસંદગી આપણે ખુદને કરવાની હોય છે અને પસંદ કરેલ દિશા અનુસાર દશા બદલાય છે.

પ્રામાણિકતા એ એક એવો નૈતિક ગુણ છે જેમાં વ્યક્તિ પોતાના વિચારો, વાણી અને વર્તનમાં સાચી અને નિષ્ઠાવાન રહે તો તે ભાગ્યવાન બને છે.

"જેવું વાવો તેવું લણો" મનુષ્ય જીવનની દશા અને દિશા મનુષ્યના સારા અને ખરાબ કામ જ એને પ્રભાવિત કરે છે. એ પ્રથમ આપણે અંતઃકરણથી સ્વિકાર કરવું પડશે. સારા નરસા નસીબ વ્યક્તિનાં ભૂતકાળના કાર્યો પર આધારિત હોય છે.’સારા નરસા નસીબ’ (ભાગ્ય) એ જીવનની અનિવાર્ય વાસ્તવિકતા પણ છે.

જેમ હું એક આત્મા છું અને મારું શરીર નાસવાન છે. અને આત્માનાં ગુણ - પવિત્રતા પ્રેમ સુખ શાંતિ શક્તિ જ્ઞાન અને આનંદ છે. આજ અવસ્થા (દશા) મનુષ્યને મહાન બનાવે છે. જે યથાર્થ શ્રીમદ્ ભાગવત ગીતામાં વર્ણવામાં આવેલ છે. ઈશ્વર કહે છે હું કોઈને દંડિત કરતો નથી. આપણાં કર્મ જ આપણને સુખ-દુઃખની પ્રાપ્તિ કરાવે છે. જીવનની દિશા નાં રચયિતા આપણે ખુદ છીએ. જીવનની દિશામાં આપણે કયો રોલ કઈ રીતે ભજવીએ છીએ એ મુજબ આપણે પરિણામ મેળવીએ છીએ. પરિણામ સારું આવવાથી આપણી દશા બદલાય છે. જીવન આનંદોત્સવમાં ફેરવાઈ જાય છે.

આત્મજ્ઞાન બુદ્ધિમાં આવી જવાથી મનુષ્ય જીવનની દશા અને દિશા નો ભાગ્યશાળી વિજેતા બને છે. પ્રારબ્ધ કર્મ સંચિત કર્મ આગામી કર્મ નું પરિણામ કર્મા જ સમજી જાણી વિચારી સુખ દુઃખનો અનુભવ કરી શકે છે. મનુષ્ય ખુદનાં ભાગ્યનો વિધાતા હોય સાવચેત રહી કર્મ કરશે તો પરિણામ સુખદ આવશે.

આશક્તિ લાલચ આકર્ષણ મોહ માયા કામ ક્રોધ અહંકાર નાં દિશામાં માં આવી ને કરેલ કામગીરી નાં કારણ જીવનની દશા બગડી શકે છે.

મન ની ઈચ્છા તો ઘણું બધું પામી લઈ ભોગ ભોગવવા ની હોય છે. આજ નો માનવી શરીર અહંકાર માં લિપ્ત હોય કાદવ કીચડ માં અળસીયા ની જેમ આરોટી રહ્યો છે !! જેથી નિર્ણય શક્તિ માં પ્રમાણિકતા ન હોવાનાં કારણ દિશા વિહીન બની જવાનાં કારણથી દશા ખરાબ બની જાય છે.

પરન્તુ જીવનની દશા અને દિશા માટે કયો વિકલ્પ શ્રેષ્ઠ છે એ ખુદનાં ચિત્તમાં સંચિત સંસ્કાર ઉપર આધાર રાખે છે.

ડો કનૈયાલાલ માલી ’ઉત્સવ’ (અમદાવાદ)
ઈન્ટરનેશનલ આધ્યાત્મિક લેખક

# પેન્શનરોએ કોની આંગળી વાંકી કરી ?

કોણ આટલો ઘોંઘાટ કરે છે?’ બાબુલાલે ગણપત ગાંગડાને પૂછયું.ગણપત ગાંગડો પેન્શન ઓફિસમાં સિનિયર પટાવાળો હતો.ગણપતને રિટાયર થવામાં દોઢ વરસ બાકી હતું. બાબુલાલ સિનિયર પેન્શન પેમેન્ટ ઓફિસર હતા.

‘ સાહેબ, બહાર પંદર વીસ લોકો આવ્યા છે. તમને મળવા માંગે છે.’ ગણપતે જવાબ આપ્યો.

‘ એ લોકો કેમ આવ્યા છે?’ બાબુલાલે પૂછયું.

‘ તેમને કાંઈક રજૂઆત કરવી છે.’ ગણપતે કહ્યું

‘ ઠીક છે. એ લોકોના મોબાઈલ રેક પર મુકાવી અંદર મોકલ.’ બાબુલાલે ગણપતને સૂચના આપી. સરકારી ઓફિસોના વિડીયો વાયરલ થવાના કિસ્સા વધતા જતા હોવાથી ઓફિસરની ચેમ્બરમાં મોબાઈલ બહાર રખાવવામાં આવતા હતા.

‘ સાહેબ, અંદર આવીએ?’ હાથમાં કાગળનો થોકડો લઈ ઉંમરલાયક લોકો આવ્યા. તેમના ચહેરાના ચામડા લબડી ગયેલા હતા. પેન્ટ-શર્ટ કોથળા જેવા ઢીલાઢસ દેખાતા હતા. માનો કે હવા નીકળી ગયેલા ચિમળાયેલ બલૂન.તેના વાળ કાબરચીતરા હતા, વિખરાયેલ હતા. નિવૃત્તિએ તેમની જિજીવિષા માનો કે છીનવી લીધી હતી. બુઝાયેલા ચિરાગ કે ફૂટી ગયેલ કારતૂસ બની ગયેલ. જે નોકરીમાં હતા ત્યારે ઓવરલોડેડ ગન જેવા કાતિલ હતા.

‘ આવો, ખુરશીમાં બેસો. સંભાળીને બેસજો પડતા આખડતા નહીં. નહિંતર પેન્શન વિભાગને મેડીકલના ખર્ચો ભોગવવો પડશે.’ બાબિલાલે આગંતુકોને આવકાર આપ્યો .

‘ સાહેબ, તમે મુલાકાત આપી તમારો આભાર ‘ પ્રમુખ જેવી વ્યક્તિએ ધ્રૂજતા અવાજે આભાર માન્યો.

‘ એ તો મારી ફરજ છે. બોલો સાહેબો શું કામ આવવું પડ્યું?’ બાહુલાલે પેપરવેઈટ ટેબલ પર રમાડતા રમાડતાં પૂછયું .

‘ સાહેબ, અમે પેન્શન સેના નામની સંસ્થાના હોદ્દેદાર છીએ. હું નાથાલાલ સંસ્થાનો મહામંત્રી છીએ અમે આ અમારા આ મૃત્યુપર્યન્ત પ્રમુખ પ્રસન્નભાઈ છે.’ નાથાલાલ એક લબડેલ ચહેરાનો પરિચય આપ્યો.

‘ મળીને આનંદ થયો.’બાબુલાલે કૃત્રિમ ખુશી વ્યક્ત કરી.

‘ સાહેબ,અમારે થોડીક રજૂઆત કરવી છે.’ નાથાલાલે બગાસું ખાતાં ખાતાં કહ્યું.

‘ બોલો કંઈ કંઈ લેખિત રજૂઆત લાવ્યા છો?’ બાબુલાલે એજન્ડા પર ફોકસ કર્યું.

‘ સાહેબ અમને ઈન્ક્રિમેન્ટ મળતું નથી. એનું કાંઈક કરો.’ નાથાલાલને નિવૃત થયા પછી પણ ઈન્ક્રિમેન્ટના અભરખા હતા.

‘ ઓકે નેકસ્ટ ?’ બાબુલાલની ટૂંકી પ્રતિક્રિયા આપી.

‘ અમને લિપસ્ટિક એલાઉન્સ કે બ્યુટી પાર્લર એકસપેન્સ રીએમર્બસમેન્ટનું વિચારો તો અમે બોલ્ડ અને બ્યુટીફૂલ રહી શકીએ.’ છાંસઠ વરસે છમકછલ્લો રહેવાની કોશિશ કરતી છાયાએ માંગણી રજૂ કરી. પછી માદર સ્મિત કર્યું .

‘ ડિયર , તમારી આ માંગણી મંજૂર સમજજો. પરંતુ, માર પણ તમારી સાથે સેટિંગ કરજો.’ બાબુલાલે લાળ પાડી

‘ અમને ઘરભાડું, વાહનભથ્થુ મળતું નથી.એ મંજૂર કરો.’ પ્રસન્નભાઈ પ્રમુખે રજૂઆત કરી.

‘ ઠીક છે.એ અંગે વિચારણા કરીશું’ બાબુલાલે માંગણી પર પાણી ઢોળ્યું .

‘ સાહેબ છાંટા પાણી માટે એલાઉન્સ આપો તો સારું .અમારા ગળા કોરા રહે છે.અમારા ગળા ભીના થશે તો તમને મદિરાશિષ મળશે.’ પરાગ પોટલીએ બે હાથ જોડીને લથડતા અવાજે ગુહાર લગાવી.પરાગની અટક પટેલ હતી. પોટલી પીવાની લતને લીધે પરાગ પોટલી તરીકે જ ઓળખાતો હતો.

‘આપણું સ્ટેટ ડ્રાય સ્ટેટ છે એની તમને ખબર છે?’બાબુલાલે પરાગ પોટલીને ટૈડકાવ્યો.

‘ સાહેબ, મોંઘાઈ બહુ વધી છે. દવા, દૂધ, પેટ્રોલ, કરિયાણુ અને પોટલીના ભાલ પણ ખૂબ વધી ગયા છે.’ પરાગ પોટલીએ પ્રસ્તાવના મુકી.

‘ પણ હું ભાવ વધારતો હોય તેમ તમને લાગે છે?’ બાબુલાલે મોટી મજાક કરી હોય તેમ અટહાસ્ય કર્યુ.

‘ સાહેબ પહેલાં અમને પગાર મળતો હતો. એ સમયે પગારમાં પૂરૂ થતું ન હતું. એ સમયે નોકરી ચાલુ હતી તો કટકીબટકી લઈને માંડ માંડ ઘર ચલાવતા હતા. પગારમાં પૂરૂં ન થતું હોય તો પેન્શનમાં કેવી રીતે પૂરૂ થાય? ઉપરથી હવે કટકીબટકી પણ ન નળે. ઘર ચલાવવામાં મુશ્કેલી પડે છે. તો પેન્શનબેન્શન વધારવાનું કાંઈક કરો ,’ પરાગ પિયકકડે રજૂઆતની પૂર્ણાહુતિ કરી.

‘ આમાં તો સરકાર કાંઈ મદદ ન કરી શકે, વડીલ. સરકારમાં કર્મચારી કરતા પેન્શનરોની ફોજ વધુ છે. સરકાર પર મોટો નાણાકીય બોજ વધે.’ બાબુલાલે પેન્શન વધારાની સંભાવનાનો છેદ ઉડાડ્યો.

‘ સાહેબ, તમારી જેની સાથે સલાહ-મશવરા કે પરામર્શ કરવો હોય તે કરી લો. પછી કહેતા નહીં કેપ.’ નાથાલાલે ધમકીભરી ભાષામાં કહ્યું.

‘ અરે તમે તો ફૂટેલી કારતૂસ છો. તમે શું કરી લેશો?બહુ બહુ તો રેલી કાઢશો, ધરણા પર બેસશો? તમે વર્ક ટુ રૂલ, પેનડાઉન આમરણાંત ઉપવાસ પર બેસશો? તમે આમ પણ મરવાની કગારમાં છો.’ બાબુલાલે સોઈ ઝાટકીને કહી દીધું .ઉભયપક્ષે ઉશ્કેરાટ અને ઉન્માદ વધી ગયા.

‘ સાહેબ, તમે કલ્પના ન કરી હોય તેવો ખેલા કરીશું.’ સૌ નિશ્ચયાત્મક અવાજે બોલ્યાા સૌ અગાઉ સંતલસ કરીને આવ્યા હશે. નહિંતર આવી મક્કમતા શક્ય જ નથી.

‘ શું કરશો ? સરકાર ઉથલાવી દેશો?’ બાબુલાલ ઉપહાસ કરતાં હોય તેમ બોલ્યા.

‘ સાહેબ તમે છાપાબાપા વાંચો છો કે નહીં?’ પ્રસન્નભાઈ પ્રમુખે આંખ મિંચકારી પૂછયું.

‘ તમારા વિજયના સમાચાર છે?’ બાબુલાલ બોલ્યા.

‘ સાહેબ, તુ?ર્કીમાં ૧.૬ મિલિયન પેન્શનર છ. એમણે જૂની સરકારને ધૂળચાટકૂ કરી દીધી છે. નવી સરકારે પેન્શનમાં પચાસ ટકા વધારો કર્યો છે.’ નાથાલાલે સદરાનો કોલર ઉંચો કરીને કલિનશેવ કરેલા ચહેરા પર મૂંછે તાવ દઈને કહ્યું . બાબુલાલ ઘીંસ ખાઈ ગયો.

‘ તુર્કીને તડકે મેલોને.તમે શું કરશો એ કહોને?’ બાબુલાલે મૂંછ ચાવતા ચાવતાં પૂછયું.

‘ સર, અમને ફેમિલી પેન્શન મળે છે. અમારી પતિનીને અમારા મૃત્યું પછી આજીવન પેન્શન મળશે. સરકારના બંધ મગજનું કટાયેલું તાળું ખોલવાની આજ માસ્ટર કી છે.’ પરાગ પોટલી લથડતા અવાજે બોલી.

એટલે ? તમે શું કહેવા માંગો છો?’ બાહોશ બાબુલાલ ગૂંચવાયા.

‘ અમે અમારી ઉંમરથી ચાલીસ વરસ નાની સ્ત્રી સાથે લગ્ન કરીશું ઘરનો બળ્યો ગામ બાળે એ ઉક્તિને અમે સાર્થક કરીશું. તમે પેન્શન ન વધારો તો કાંઈ વાંધો નહીં. અમે અમારાથી નાની ઉંમરની સ્ત્રી સાથે લગ્ન કરીને સરકારની લંકામાં આર્થિક બોજની આગ લગાડીશું તમે આઠ આની બચાવવાની લ્હાયમાં આઠસો અબજનો ચૂનો લાગશે.’ પ્રસન્નભાઈ પ્રમુખે પોતાની છાતી સરસા રાખેલા પાના ઓપન કર્યા.

કહેવાની જરૂર છે કે સરકારે આઠ આની બચાવવાની જહેમત અને મહેનત પડતી મુકી. પેન્શનરોની પૂરી માંગણી મંજૂર કરી.

ભરત વૈષ્ણવ

# યશસ્વી સન્માનીય આદરણીય મહોદય શ્રીમાન રાજેન્દ્ર પ્રસાદ ગોયલ સાહેબ



રાજસ્થાન પોલીસ પ્રશાસનમાં અનેક મહત્વના પદો સંભાળી ચૂક્યા છે. સેવાભાવી અને પ્રભુ શ્રીનાથજીમાં અતૂટ શ્રદ્ધા ધરાવતા આવા સન્માનીય આદરણીય રાજેન્દ્ર પ્રસાદ ગોયલ સાહેબ પોતાના સમગ્ર પરિવાર સાથે ઉદયપુર શ્રીનાથજી મંદિરમાં દર્શન કરવા પધાર્યા હતા. મંદિરની પરંપરા અનુસાર ઉદયપુર શ્રીનાથજી મંદિરના અધિકારી આદરણીય રામચંદ સનાઢ્ય સાહેબે તેમનું સ્વાગત અને અભિવાદન કર્યું હતું. આ પ્રસંગે શ્રી રાજેશ બી. મહેતા, જયન્તિભાઈ પારીખ, કનુભાઈ પારીખ અને છોગાલાલજી પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ડુમરીયા ગામે ડાંગ કલેક્ટરશ્રીની ઉપસ્થિતિમાં જન સમસ્યાઓના નિરાકરણ માટે લોકસંપર્ક બેઠક યોજાઈ

આહવા: તા: ૧૨: ડાંગ જિલ્લાના સુબીર તાલુકાના ડુમરીયા ગામે જિલ્લા કલેક્ટર શ્રી એન.ડી.પરમારની ઉપસ્થિતિમાં ગ્રામજનો સાથે લોકસંપર્ક બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન ગામલોકોએ વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓ રજૂ કરી હતી, જે અંગે તંત્ર દ્વારા સ્થળ પર જ ચર્ચા કરીને જરૂરી માર્ગદર્શન અને નિરાકરણની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.આ પ્રસંગે સુબીર તાલુકાના મામલતદાર શ્રી આઈ.એમ.સૈયદ, તાલુકા સભ્ય શ્રીમતી મંજુલાબેન જગદીશભાઈ ભોયે, ભારતીય જનતા યુવા મોરચાના કારોબારી સભ્ય શ્રી નિલેશભાઈ ગાવિત સહિત ગ્રામજનો



ઉપસ્થિત રહ્યા હતા. ઉચ્ચ અધિકારીશ્રીઓએ ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધી તેમની રજૂઆતો ધ્યાનપૂર્વક સાંભળી હતી.બેઠક દરમિયાન ગ્રામજનોએ ખાસ કરીને પીવાના પાણીની સમસ્યા અંગેના પ્રશ્નો રજૂ કર્યા હતા. કલેક્ટરશ્રીએ સંબંધિત વિભાગોના અધિકારીઓને આ મુદ્દાઓને પ્રાથમિકતાના ધોરણે ઉકેલવા જરૂરી સૂચનાઓ આપી હતી. પાણી પુરવઠાની સમસ્યાના નિરાકરણ માટે જરૂરી પગલાં ભરવાની ખાતરી આપવામાં આવી હતી.આ વેળા ગ્રામજનોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી પણ આપવામાં આવી હતી.

# ધાનેરા તાલુકાના રૂણી ગામે લખાસર તળાવ નુ ખાત મુહૂર્ત કરવામાં આવ્યો



ધાનેરા તાલુકામાં દિવસે ને દિવસે પાણીના ઊંડા જવા મળે છે પાણીની સમસ્યા દિવસે ને દિવસે વધી રહી છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા દરેક ગામડે તળાવ ઊંડો કરવાના કામગીરી ચાલુ કરવામાં આવી છે અને આ તળાવો પાઈપલાઈન થી ભરવામાં આવશે તળાવો ભરવા દે આજુબાજુના તળ ઊંચા આવશે એ માટે આજે ધાનેરા તાલુકાના રુણી ગામે નવીન અને યુવા સરપંચ દ્વારા શુભ શરૂઆત કરવામાં આવી છે આ પ્રસંગે ધાનેરા ના ધારાસભ્ય માવજીભાઈ દેસાઈ ભગવાનદાસ પટેલ જગદીશભાઈ પટેલ તાલુકા ભાજપ પ્રમુખ રમેશભાઈ તાલુકા મંત્રી દિનેશભાઈ ચૌધરી તેમજ તાલુકા પંચાયતના પ્રમુખ પ્રભુજી તેમજ ભાજપના કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં ગામ લોકો હાજર રહ્યા હતા

### યુકે વિઝાના ૨૭ લાખના સોદામાં ડખ્ખો પડ્યો

# ગાંધીનગરમાં વિઝા કન્સલ્ટન્ટના ઘરે મધરાતે ઘૂસી બે શખ્સોનો આતંક, આખા પરિવારને પતાવી દેવાની ધમકીઓ આપી

વિદેશ જવાના વર્ક પરમિટ વિઝા ન મળતા બાકી નીકળતા રૂપિયા ૧૧ લાખ વસૂલવા ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં આવેલા સામવેદ ગ્રીનવેલી ફ્લેટમાં રહેતા વિઝા એજન્ટના ઘરે બે માથાભારે શખ્સોએ દરવાજો જોરજોરથી ખખડાવી આખા પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી સોસાયટીમાં ભયનો માહોલ ઉભો કર્યો હતો. આ મામલે ઈન્ફોસિટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરના સરગાસણ ખાતે સામવેદ ગ્રીનવેલીમાં રહેતા ૫૬ વર્ષીય પ્રવિણભાઈ મણીલાલ શ્રીમાળીનો પુત્ર વિપુલ શ્રીમાળી કુડાસણ ખાતે એર ઈમીગ્રેશન નામે ઓફિસ ચલાવી વિઝા કન્સલ્ટન્સીનું કામ કરે છે. વિપુલે કેતુલ પટેલ નામના વ્યક્તિ પાસેથી યુ.કે.ના વર્કપરમિટ વિઝા અપાવવા માટે રૂપિયા ૨૭ લાખ લીધા હતા. જો કે વિઝા ન



મળતા વિપુલે રૂપિયા ૧૬ લાખ પરત કર્યા હતા.

જ્યારે ૧૧ લાખ ચૂકવવાના બાકી હતા. આ બાકી નાણાંની ઉઘરાણી માટે કેતુલ પટેલ અને તેના સાથીદારોએ ગઈકાલે સવારે વિપુલની ઓફિસે જઈને ધમકી આપી ડેરો જમાવ્યો હતો. ઓફિસે હોબાળો કર્યાબાદ મામલો વધુ બિચક્યો હતો. અને ગઈકાલ મધરાતે કેતુલ પટેલનું ઉપરાણું લઈને રાંધેજાનો ધ્રુવ રાજુભાઈ પટેલ તથા કોબાનો ધ્રુવ પટેલ અને અન્ય અજાણ્યા ઈસમો હથિયારધારી બનીને ફરિયાદી પ્રવિણભાઈના ફ્લેટ પર પહોંચ્યા હતા.આ શખ્સોએ મધરાત્રે સોસાયટીમાં આતંક મચાવી ફરિયાદીના ઘરનો દરવાજો જોરજોરથી ખખડાવી તોડફોડ શરૂ કરી હતી. આરોપીઓએ બૂમો પાડીને ધમકી આપી હતી કે, કેતુલ પટેલના બાકી પૈસા આપી દો, નહિતર જાનથી મારી નાખીશું. મધરાત્રે અચાનક બનેલી આ ઘટનાથી આખો પરિવાર ધ્રૂજી ઉઠ્યો હતો અને ડરના માર્યા ઘરનો દરવાજો ખોલ્યો ન હતો.મોડી રાત સુધી ચાલેલા આ હાઈવોલ્ટેજ ડ્રામા બાદ ભોગ બનનાર સરકારી કર્મચારી પ્રવિણભાઈ શ્રીમાળીએ ઈન્ફોસિટી પોલીસ મથકમાં ધ્રુવ રાજુભાઈ પટેલ (રહે. રાંધેજા), ધ્રુવ પટેલ (રહે. કોબા) અને તેમની સાથે આવેલા અન્ય અજાણ્યા ગુંડાઓ વિરૂદ્ધ ગુનો દાખલ કરાવ્યો છે.

# મજૂરીના વિષચક્રમાં હોમાતું બાળપણ:ગાંધીનગર ટાસ્ક ફોર્સની બાળમજૂરી સામે વર્ષ દરમિયાન ક્રાંતિકારી ઝુંબેશ

દર વર્ષે ૧૨ જૂનના રોજ 'વિશ્વ બાળમજૂરી વિરોધ દિવસ' ઉજવીને વહીવટી તંત્ર અને કાયદાના રક્ષકો મોટા મોટા દાવાઓ સાથે પોતાની જવાબદારી પૂરી માની લે છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે તંત્રની નાકની નીચે જ હજારો કુમળા હાથોમાંથી પેન અને પુસ્તકો છીનવીને કાળી મજૂરીનું ભારણ થોપી દેવાયું છે. કાયદાકીય જોગવાઈઓ હોવા છતાં, રાજયના પાટનગર ગાંધીનગરમાં જ ટાસ્ક ફોર્સ દ્વારા આખા વર્ષ દરમિયાન કરવામાં આવેલી કામગીરીના ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે, જે તંત્રની ઢીલી નીતિઓની ચાડી ખાય છે.

ગાંધીનગર બાળ મજૂરી નાબૂદી ટાસ્ક ફોર્સની સક્રિયતાના દાવાઓ સામે વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬ના સત્તાવાર આંકડા જમીની હકીકતનું ચિંતાજનક ચિત્ર રજૂ કરે છે. આટલા લાંબા સમયગાળામાં સમગ્ર ગાંધીનગર જિલ્લામાં થઈને ટાસ્ક ફોર્સ દ્વારા માંડ ૩૫ જેટલી રેડ (દરોડા) કરવામાં આવી છે, જેમાંથી માત્ર ૨૫ બાળશ્રમિકોને જ મુક્ત કરાવી શકાયા છે. પાટનગર જેવા હાઈ-પ્રોફાઈલ જિલ્લામાં આખા વર્ષ દરમિયાન આટલી ગણી-ગાંઠી રેડ કરીને તંત્રએ સંતોષ માની લીધો છે. ત્યારે જનતામાં સવાલ એ ઊઠી રહ્યો છે કે શું આખા પાટનગરમાં માત્ર આટલા જ બાળકો મજૂરી કરતા હતા?

વાસ્તવિક ચિત્ર એ છે કે ગાંધીનગર શહેર અને આસપાસના વિસ્તારોની મુખ્ય બજારો, ધાબા-હોટલો, ચાની કીટલીઓ, ગેરેજ અને મોટા પાયે ચાલતી બાંધકામ (ઞ્હર્જાર્ષ્ઠિૈંહ) સાઈટો પર આજે પણ સેંકડો માસૂમો પોતાનું બાળપણ હોમી રહ્યા છે. તંત્રના અધિકારીઓ ઓફિસોમાં બેસીને માત્ર આંકડાઓની માયાજાળ રચે છે, જ્યારે ગ્રાઉન્ડ લેવલ પર સ્થિતિ જસની તસ છે.સરકાર ડિજિટલ માધ્યમો જેવા કે 'પેન્સિલ પોર્ટલ' (ઁઈદ્ગઝ્રૈંન્-ઁ‌િટ્ઠઙ્ઘ) અને ચાઇલ્ડ હેલ્પલાઈન '૧૦૯૮' નો મોટા પાયે પ્રચાર-પ્રસાર કરીને બાળપણ સુરક્ષિત હોવાનો દાવો કરે છે, પરંતુ આ સિસ્ટમ ગ્રાઉન્ડ લેવલે રીતસર વેન્ટિલેટર પર હોય તેમ લાગે છે.

# બનાસકાંઠામાં વાતાવરણ પલટાયું, ખેડૂતો ચિંતિત:પાલનપુર, ડીસા સહિતના વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ

બનાસકાંઠા જિલ્લાના વાતાવરણમાં વહેલી સવારથી પલટો જોવા મળ્યો છે. જિલ્લાના પાલનપુર, ડીસા, અમીરગઢ, દાંતા અને વડગામ સહિતના વિસ્તારોમાં આકાશમાં વાદળો ઘેરાયા છે. આ અચાનક આવેલા વાતાવરણના બદલાવથી ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે.ખાસ કરીને બાજરીના પાકની લણણીના સમયે આવા વાદળછાયા વાતાવરણને કારણે ખેડૂતો ભયભીત બન્યા છે. જો આ વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદ પડે તો બાજરી સહિતના ઊભા પાકને ભારે નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.ખેડૂતોને આશા



હતી કે, બાજરીનો સારો પાક મળશે, પરંતુ હવે વાતાવરણના પલટાથી તેમની મહેનત પર પાણી ફરી વળવાનો ડર સતાવી રહ્યો છે. વહેલી સવારથી જ વાદળો છવાયેલા રહેતા ખેતીકામ પર પણ અસર પડી છે.




# પ્રેમીએ પરિવાર-પોલીસ હાજરીમાં પ્રેમિકાને ખોળામાં સુવડાવી ગળું કાપ્યું:યુવકે પોતાના ગળા પર પણ ઘા ઝીંક્યા, ભાગેલા પ્રેમીપંખીડાને લઈને જતાં હતાં, ગાંધીનગરની હોટેલમાં ખેલાયો ખૂની ખેલ

ગાંધીનગરના ચિલોડા પોલીસ મથકની હદમાં આવેલા ધણપ ગામ હાઈ-વે પરની રોયલ ફોર્ટ હોટેલમાં એક કાળજું કંપાવી દેનારી ઘટના સામે આવી છે. મધ્યપ્રદેશથી ભાગીને આવેલા પ્રેમી પંખીડાને પકડીને પરત લઈ જઈ રહેલી પોલીસ અને પરિવારના સભ્યોની હાજરીમાં જ પ્રેમીએ તેની પ્રેમિકાને ખોળામાં સુવડાવી ગળે ચપ્પુ ફેરવી ઘાતકી હત્યા કરી નાખી છે. પ્રેમિકાનું ગળું કાપ્યાં બાદ પ્રેમીએ પોતે પણ ગળાના ભાગે ચપ્પુ મારીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો.પોલીસના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, મધ્યપ્રદેશના વતની એવા ૨૧ વર્ષીય રજની બજલાલ ધાકડ અને ૨૪ વર્ષીય સંતોષ ઉધમ જાટવ વચ્ચે પ્રેમસંબંધ હતો. આ પ્રેમી પંખીડા પોતાના ઘરેથી ભાગીને ગુજરાતના રાજકોટ તરફ નાસી આવ્યા હતા. આ મામલે યુવતીના પરિવારજનોએ મધ્યપ્રદેશમાં ફરિયાદ નોંધાવી હતી. ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોના આધારે મધ્યપ્રદેશ પોલીસે આ બંનેનું લોકેશન રાજકોટ હોવાનું શોધી કાઢ્યું હતું.આથી પ્રેમિકા રજનીના બે સંબંધીઓ અને મધ્યપ્રદેશ પોલીસના બે જમાદારો રાજકોટ પહોંચ્યા હતા અને બંને પ્રેમી પંખીડાને પોતાની કસ્ટડીમાં લીધા હતા. રાજકોટથી આ તમામ લોકો ખાનગી વાહન દ્વારા મધ્યપ્રદેશ જવા માટે રવાના થયા હતા. જોકે લાંબા અંતરનું ડ્રાઈવિંગ હોવાના કારણે વાહન ચલાવનાર અને સાથે રહેલા તમામ લોકો ભારે થાકી ગયા હતા. આથી રાત્રિના સમયે આગળ પ્રવાસ કરવો જોખમી જણાતા, તેઓએ ચિલોડા હાઈવે પર આવેલી રોયલ ફોર્ટ હોટેલમાં રાતવાસો કરવાનું નક્કી કર્યું હતું અને ત્યાં એક રૂમ ભાડે રાખ્યો હતો.હોટેલના રૂમમાં બે પોલીસ કર્મચારીઓ, યુવતીના બે સગા અને આ પ્રેમી પંખીડા એમ તમામ છ લોકો એક જ રૂમમાં રોકાયા હતા. સુરક્ષા અને તકેદારીના ભાગરૂપે રાત્રે સૂતા પહેલા બંને પ્રેમી-પંખીડાને અલગ-અલગ સુવડાવવામાં આવ્યા હતા.લાંબી સફરના થાકને કારણે બંને પોલીસ જવાનો અને પરિવારના સભ્યો ગાઢ નિદ્રામાં સરી પડ્યા હતા. આ જ સમયગાળા દરમિયાન મધ્યરાત્રિએ તકનો લાભ ઉઠાવીને સંતોષ અને રજની એકબીજાની નજીક આવ્યા હતા. સંતોષે અત્યંત ઠંડા કલેજે પ્રેમિકા રજનીને પોતાના ખોળામાં સુવડાવીને તેની પાસે રહેલા તીક્ષ્ણ ચપ્પા વડે તેનું ગળું કાપી નાખ્યું હતું. રજની લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા બાદ સંતોષે એ જ ચપ્પાથી પોતાના ગળા પર પણ ઘા ઝીંકી દીધા હતા.દરમિયાન રાત્રિના આશરે બે વાગ્યાની આસપાસ રૂમમાં કંઈક અજુગતો અવાજ આવતા એક પોલીસ કર્મચારી અચાનક જાગી ગયો હતો. તેણે રૂમની લાઈટ ચાલુ કરતા જ સામેનું ભયાનક દશ્ય જોઈને તેના હોશ ઊડી ગયા હતા. રૂમમાં ચારેય તરફ લોહીના ખાબોચિયા ભરાયેલા હતા અને રજની મૃત હાલતમાં પડી હતી, જ્યારે સંતોષ તરફડી રહ્યો હતો.આ ઘટનાની તાત્કાલિક જાણ ચિલોડા પોલીસને કરવામાં આવતા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ગંભીર રીતે ઘવાયેલા પ્રેમી સંતોષને તાત્કાલિક સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડ્યો છે, જ્યાં તેની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat